# જિલ્લામાં ૬૯,૬૯૨ ખેત મજૂરો અને ૧૩,૭૧૫ નોંધાયેલા બાંધકામ શ્રમિકો છે

## છેલ્લા બે વર્ષમાં ૩૦ ખેત મજૂરો અને ૨૪ બાંધકામ શ્રમિકોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય વિધાનસભા ગૃહમાં આજે મહેસુલ, શ્રમ-રોજગાર, પાણી પુરવઠા, પશુપાલન, યાત્રાધામ વિકાસ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી.

● **નોંધાયેલ ખેત મજૂર અને બાંધકામ શ્રમિક**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા ખેત મજૂરો અને બાંધકામ શ્રમિકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૬૯૬૯૨ ખેત મજૂરો અને ૧૩૭૧૫ બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ૩૦ ખેત મજૂરો અને ૨૪ બાંધકામ શ્રમિકો મળી કુલ ૫૪ના અકસ્માતે મૃત્યુ નીપજ્યા છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

આ પૈકી ૧૦ ખેત મજૂરોના વારસદારોને રૂ. ૧૦ લાખની અને ૨ બાંધકામ શ્રમિકોને રૂ. ૬ લાખ એમ કુલ રૂ. ૧૬ લાખની સહાય ચુકવવામાં આવી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જે સહાય ચુકવવાની બાકી છે તેમાં વહીવટીય કાર્યવાહીની પૂર્તતા થયા બાદ ખેત મજૂરોની બાકી સહાય રૂ. ૧૨ લાખ વીમા નિયામકની કચેરી દ્વારા જ્યારે બાંધકામ શ્રમિકોની બાકી સહાય રૂ. ૩૩ લાખ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ચુકવવામાં આવશે.

● **પીવાના પાણીના નમુના**

વિરમગામના કોંગીના લાખાભાઈ ભરવાડે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાંથી પીવાના પાણીના લેવાયેલા નમુના અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાંથી ૨૦૧૯ના વર્ષમાં ૯૮ અને ૨૦૨૦ના વર્ષમાં ૮૪ પીવાના પાણીના નમુના લેવામાં આવ્યા હતા.

પાણી પુરવઠા મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ઉક્ત પીવાના પાણીના નમુનામાંથી એક પણ નમુનો બિન પ્રમાણિત થયેલ નથી.

● **શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા**

કોરોનાની મહામારીમાં લોકડાઉન દરમ્યાન શ્રમિકો જે વતન પરત ફર્યા હતા તેમને મોકલવાની ખાસ ટ્રેઈન દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી તેમ રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીએ ધારાસભ્ય શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ અને ભૂપેન્દ્રભાઈ પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાંથી ૨૨,૯૮૦ શ્રમિકોને ટ્રેન મારફતે વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

● **જમીન ભાડે અથવા વેચાણ આપવા**

વાવના કોંગીના ગેનીબેન ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણે અપાઈ તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૯ માં સરકારી પડતર જમીન ૨૪૦૦ ચો.મી. તથા ગૌચરની ૪૯૦૦ ચો.મી. જમીન ભાડે અથવા વેચાણે આપવામાં આવી છે.

**કોરોનાની મહામારીમાં લોકડાઉન દરમ્યાન ૨૨,૯૮૦ શ્રમિકોને વતન જિલ્લામાંથી મોકલવામાં આવ્યા હતા : ૨૦૧૯ માં ૪૯૦૦ ચો.મી. ગૌચરની જમીન ભાડે અથવા વેચાણે આપવામાં આવી છે : મહેસુલમંત્રી**

વર્ષ ૨૦૨૦માં ૪૫૪૫ ચો.મી. જમીન સરકારી પડતરની હતી તે ફાળવવામાં આવેલ છે.

આ જમીનો ભાડે અથવા વેચાણે આપવાથી ૫,૧૯,૦૨,૦૮૯ની આવક થઈ છે. હેતુફેર ઉપયોગ થયાની એક પણ ફરિયાદ સરકારને મળી નહી હોવાનું પણ મંત્રીએ જણાવ્યુ છે.

● **અને છેલ્લે...**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ ગામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગરના ૬૮, દહેગામના ૯૩, માણસાના ૬૭ અને કલોલના ૬૯ મળી કુલ ૨૯૭ ગામોને જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. હવે એક પણ ગામ જૂથ યોજનામાં જોડવાનું બાકી નથી.



હોળીના રંગ આ વર્ષે ફીક્કા પડતા જણાય છે. ચૂંટણી બાદ રોકેટ ગતિએ વધી રહેલા કોરોના કેસે હોળી-ધુળેટીની મજા બગાડી નાંખી છે. ઉત્સવો પર ફરી બંધનો-પ્રતિબંધોની સાંકળ લગાવી દેવાઈ છે. ચૂંટણીના તાયફાઓમાં નેતાઓ તો ભાન ભૂલ્યા જ હતા પરંતુ પ્રજા તરીકે આપણે પણ એટલી જ છૂટ લીધી છે. તેની સજા હવે આપણે જ ભોગવવાની છે. નવરાત્રી, દિવાળી અને ઉત્તરાયણની જેમ જ હોળી-ધૂળેટીનો તહેવાર ઘરમાં રહીને જ ઉજવવાના સરકારી આદેશો છૂટયા છે. જોકે બજારોમાં નાના વેપારીઓએ રંગો અને પીચકારીઓનો વેપાર શરૂ કરી દીધો છે. જો કે તેમાં કેટલી ઘરાકી નીકળે છે તે તો ઈશ્વરને જ ખબર... હાલ તો વેપારીઓ ઘરાકી નીકળવાની આશાએ જ બેઠા છે.

# ગાંધીનગર-કોબા માર્ગ પર પીડીપીયુ જંકશન પાસે ફલાય ઓવર બ્રિજ બનશે

## નવુ સદસ્ય નિવાસ સંકુલ, ફ્લાય ઓવર બ્રીજ ઉપરાંત રોડ એન્જીનીયરીંગમાં બદલાવ આવશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૨

રાજયના માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે આ વિભાગને લગતી માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં જાહેરાત કરી હતી કે ગાંધીનગર કોબા માર્ગ પર પી.ડી.પી.યુ. જંકશન ઉપર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બ્રીજ બાંધવામાં આવશે.

તેમણે અમદાવાદ-દહેગામ-ધનસુરા રસ્તાના બાકી રહેતા ૩૮ કિ.મી. રસ્તાનું રૂ. ૧૯૦ કરોડના ખર્ચે ચાર માર્ગીયકરણ કરવામાં આવશે.

પાટનગરમાં ગાંધીનગર ખાતે નવુ સદસ્ય નિવાસ સંકુલ રૂ. ૧૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે તેમ તેમણે માંગણીઓ મંજૂર થયા બાદ જણાવ્યુ હતુ.

અમદાવાદ શહેર તથા ગાંધીનગર ખાતે રૂ. ૪૫૦ કરોડની અંદાજીત રકમથી વિવિધ કક્ષાના ૧૮૭૬ કવાર્ટસનું બાંધકામ કરવામાં આવશે.

ગાંધીનગર ખાતે બી કક્ષાના ૫૬૦, સી કક્ષાના ૬૧૬ તથા 'ચ' કક્ષાના ૨૮૦ કવાર્ટસ મળી ૧૪૫૬ કવાર્ટસ બાંધવામાં આવશે.

વિશ્વ બેંક યોજના હેઠળ અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર કેપીટીલને જોડતા રસ્તામાં ચ-૦ થી કોબા-ઈન્દિરા બ્રીજ સુધીના ભાગને સેફ કોરીડોર ડેમો પ્રોજેક્ટ તરીકે વિકસાવવા માટે રૂ. ૩૮.૨૫ કરોડની કામગીરી મંજૂર કરાઈ છે. જેમાં માર્ગ સલામતીના પગલાંરૂપે જંકશન સુધારણા, કલર પેવમેન્ટ માર્કિંગ વિગેરે તથા આઈ.ટી.થી માર્ગ સુરક્ષા વધારવાની કામગીરી જેવી કે વેરિયેબલ યેલેજ લાઈન, રસ્તો ઓળંગવવા માટે પેડેસ્ટ્રી અન પુશ બટન સિસ્ટમ સર્વેલન્સ કેમેરા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફિકનો ધમધમાટ વધી રહ્યો છે. ત્યારે આ રૂટમાં રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આ ઉપરાંત માર્ગ સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. ત્યારે આ બન્ને શહેરોને જોડતુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવા માટે તબક્કાવાર કામોને મંજુરી આપવામાં આવી રહી છે. જેને અનુલક્ષી બજેટમાં નાયબ મુખ્યમંત્રીએ કોબા પી ડી પી યુ પાસે ફલાય ઓવર બનાવવા માટે રૂ ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનુ જણાંવ્યુ હતુ આ ઉપરાંત અમદાવાદ દહેગામ ધનસુરા માર્ગને ચારમાર્ગીય કરવાના બાકી કામ સંદર્ભે પણ રૂ ૧૯૦ કરોડનો ખર્ચના અંદાજ મુજબ જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફિકનો ધમધમાટ વધી રહ્યો છે. ત્યારે રોડ નેટવર્ક પણ તબક્કાવાર અપગ્રેડ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભાજપના ૧૨ નિરીક્ષકો ૪ સ્થાનો પર ઉમેદવારોની રજુઆત સાંભળશે

## ૨૫ અથવા ૨૬ માર્ચે ઉમેદવારોની યાદી જાહેર થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી એપ્રિલમાં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ૪૪ ઉમેદવારોની પસંદગી અંગે ૧૨ નિરીક્ષકો આજે ૪ સ્થાનો પર કાર્યકરોની રજુઆત સાંભળશે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે આજે ૧૨ નીરીક્ષકોની નિયુક્તી કરાઈ છે. જેમાં પ્રદેશ નેતાઓને આ જવાબદારી સોંપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા માટે ૧૧ વોર્ડ છે. વોર્ડ નં. ૧, ૨ અને ૩ માટે ભરતભાઈ પંડ્યા, ઋષિકેશ પટેલ તથા વીણાબેન પ્રજાપતિ બી.જે.પી. કાર્યાલય સે. ૨૧ ખાતે રજુઆતો સાંભળશે.

વોર્ડ નં. ૪, ૫, ૬ માટે પૂર્વ મહામંત્રી કે.સી. પટેલ, પંકજભાઈ ચૌધરી, દર્શનાબેન વાઘેલા મેયરના નિવાસસ્થાન સે. ૧૯ ખાતે કાર્યકરોની રજુઆત સાંભળશે.

વોર્ડ નં. ૭, ૮, ૯ માટે પ્રદેશ ઉપપ્રમુખ ગોરધનભાઈ ઝડફિયા, અમીત ઠાકર, પૂર્વ મેયર બિજલબેન પટેલ સે. ૧૨ માં ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરના નિવાસસ્થાને રજુઆતો સાંભળશે.

જ્યારે વોર્ડ નં. ૧૦ અને ૧૧ માટે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ શાહ અને કૌશલ્યાકુંવરબા પરમાર ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ ખાતે રજુઆતો સાંભળશે.

આજે રજુઆતો સાંભળ્યા બાદ નિરીક્ષકો ઉમેદવારોની પેનલ તૈયાર કરી અને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલી આપશે.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની ૨૫ અથવા ૨૬ ના રોજ બેઠક મળશે અને તેમાં ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપી જાહેર કરવામાં આવશે.

૨૭મી માર્ચથી ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થવાની છે. જો કે ભાજપના ઉમેદવારો એક જ દિવસે અને એક જ સમયે ચૂંટણી અધિકારીઓ સમક્ષ તેમના ઉમેદવારી પત્રો રજુ કરશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

# સે-૧૧ માં પથિકાશ્રમ પાસે સ્થિત સરકારી આવાસો તોડવામાં આવશે

## લાંબા સમયથી બિન ઉપયોગી અને ખંડેર બનતા આવાસોનો કડુસલો કરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરી ભૌગોલિક સ્થિતિના અભ્યાસના અંતે નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવે છે. પથિકાશ્રમ પાસે સ્થિત જ કક્ષાના સરકારી આવાસો લાંબા સમયથી બિનઉપયોગી અને ખંડેર હાલતમાં છે જયારે આ મકનો તોડવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે.

શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. જાળવણીના અભાવે ચાર દાયકાના અંતે ખંડેર તેમજ જર્જરિત આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે જુના અને જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ

● અનુસંધાન પાન-૭ પર

સરમાઉન્ટ હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
કોરોના દર્દીની સારવાર થશે હવે પહેલાના (ગર્વમેન્ટ માન્ય દર) થી પણ ઓછા દરે
કોરોના માટેના મોઘા ઈન્જેકશન Remdesivir માં ૪૦%નું ડિસ્કાઉન્ટ
છેલ્લા બે મહિનામાં ૭૦ થી વધુ દાખલ કોવિડ-૧૯ દર્દીઓનો સારવાર કરવાનો અનુભવ ધરાવતી કોવિડ સારવાર ટીમ
ઘર જેવા વાતાવરણમાં કોવિડની સારવાર એટલે સરમાઉન્ટ હોસ્પિટલ....
કોવિડ સારવાર દરમિયાન જ ગાંધીનગરની સર્વશ્રેષ્ઠ સ્વચ્છ હોસ્પિટલનો એવોર્ડ વિજેતા હોસ્પિટલ
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને ઘરથી અલગ આઈસોલેશન થવા માટે ઓછા દરે સગવડ. (જમવા સાથેની સુવિધા)
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને ઘરે સારવાર માટે હોમકેર પેકેજ પણ ઉપલબ્ધ.
વેન્ટિલેટર
ICU
2D Echo
In House Pharmacy
લેબોરેટરીની સુવિધા
કેપિટલ ઓફસેટ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# જિલ્લામાં કોરોનાના નવા ૩૪ કેસ

## ગાંધીનગર તાલુકામાં નવ, માણસા-કલોલ-દહેગામમાં બે-બે કેસ નોંધાયા : સે. ૩૦ માં ૩ તો સે. ૩, ૭, ૬, ૨૦, ૨૨ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૪, ૫, ૪, ૨૯, ૨૬ અને જીઈબીમાંથી કેસ મળી આવ્યા : ૨૩ ને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૩૪ કેસ નોંધાયા છે. શહેરમાં ૧૯ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ નોંધાયા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોનાના કેસોની સંખ્યા વધી છે તેને લઈ તંત્રની દોડધામમાં પણ વધારો થવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૯, કલોલમાં ૨, માણસામાં ૨ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામમાંથી આજે વધુ ૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ઝુંડાલમાંથી બે અને સુઘડમાંથી એક કેસ મળી આવેલ છે.

કલોલમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન-૨ વિસ્તારમાંથી એક અને મોખાસણમાંથી એક કેસ મળી આવેલ છે. અર્બન-૨ માંથી મળેલ દર્દી અને ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામેથી મળેલ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકાના સમૌ અને ચરાડા ખાતેથી એક-એક કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર માટે સુશ્રી સુનયના તોમરની નિયુક્તી કરાઈ : મુખ્ય સચિવે આજે વિડીયો કોન્ફરન્સ કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો વધતાં રાજ્ય સરકારે સનદી અધિકારી સુનયના તોમરની નિયુક્તી જિલ્લાતંત્રને માર્ગદર્શન આપવા તેમજ કોરોનાની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે કરી છે.

આજે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે એક કલાક સુધી જિલ્લાના અધિકારીઓ, પ્રભારી સચિવો તેમજ કોવિડ માટે નિમાયેલા અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓને સાથે રાખી વિડીયો કોન્ફરન્સ કરી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

મુખ્ય સચિવ કોરોના વેક્સીનેશનમાં ગતિ આવે તેના પર ભાર મુક્યો હતો આ ઉપરાંત ટેસ્ટીંગ અને ટ્રેસીંગ વધારવા તેમજ હોસ્પિટલોમાં બેડની સુવિધાઓને લઈ સમીક્ષા કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં બેડ હજુ ખાલી છે. આ ઉપરાંત ઓક્સીજન તેમજ દવાઓના જથ્થા અંગે પણ આજની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હોસ્પિટલાઈઝેશનનો દર ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. હોમ આઈસોલેશનના નિયમોની સખ્તાઈથી અમલવારી કરવાની ટકોર પણ આજની વિડીયો કોન્ફરન્સમાં આપી હતી. મળતી વિગતો પ્રમાણે જે રીતે પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે તે ઉપરાંત વિદ્યાર્થીઓ અને મોટી વયના લોકો અને મહિલા દર્દીઓની વધતી સંખ્યા અંગે પણ ચિંતાની લાગણી આજની કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવી હતી.

કોરોના સામેની જનજાગૃતિ માટેનું ખાસ અભિયાન કરવા પર આજની કોન્ફરન્સમાં ભાર મુકવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# ૬ વર્ષ બાદ નગરના ઘ-માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે

## સે-૨૮ -૨૯ અને સે-૧૦ તેમજ ૧૧ માં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ કરવા માટે મંજુરી

ગાંધીનગર તા ૨૨

શહેરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ ટુંકમાં હાથ ધરાશે. છેલ્લા ૬ વર્ષથી શહેરના મુખ્ય ઘ માર્ગની સુધારણા માટે કોઈ કામગીરી થઈ નથી જયારે હાલ ઘ માર્ગ પર અન્ડર પાસ બનાવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે ઘ માર્ગ ઉપરાંત સે-૨૮ અને સે-૨૯ તેમજ સે-૧૦ અને સે-૧૧ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણા પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. હાલ શહેરના સેકટરોમાં તબક્કાવાર આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ સે-૧૯ માં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરાયા બાદ સે-૧૭ માં હાલ રસ્તાઓનુ પેવરકામ હાથ ધરાયુ છે. સે-૧૭ માં લાંબા સમયના અંતે માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ હવે હાથ ધરાશે. આ ઉપરાંત સે-૧૦ અને સે-૧૧ તેમજ સે-૨૮ અને સે-૨૯ ના આંતરિક માર્ગોને અનુલક્ષી રસ્તા સુધારણાનુ કામ પણ મંજુર કરી દેવાયુ છે. શહેરના ઘ માર્ગનુ રીસરફેસીંગ છેલ્લા ૬ વર્ષથી હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે ઘ માર્ગની ખરબચડી સરફેસ વાહન ચાલકો માટે પરેશાનીનુ કારણ બની છે. હાલ ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જે હવે પુર્ણતાના આરે છે. જયારે અન્ડરપાસની કામગીરી પુર્ણ થવાની સાથે માર્ગની સુધારણા માટે પણ ટીમ કામે લાગશે. આ ઉપરાંત સેકટરોમાં પણ આંતરિક માર્ગોનુ કામ કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૧૭ માં વર્ષોના અંતે આંતરિક માર્ગોને ચકાચક બનાવવા માટે કામ ચાલી રહ્યુ છે. જયારે નગરના મુખ્ય ઘ માર્ગનુ રીસરફેસીંગ પણ ૬ વર્ષના અંતે કરવામાં આવશે. આ ત્રણેય કામગીરી અન્વયે વિભાગ કક્ષાએથી અંદાજિત રૂ ૧૫ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com